R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયુબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા .

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

YEAR-27 • ISSUE: 22/23 DATE: 09-06-2018• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## પુર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીએ સંઘના દિક્ષાંત પ્રવચનમાં લોકોને દેશભક્તિ અને રાષ્ટ્રવાદના પાઠ ભણાવ્યા

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સંઘ શિક્ષાવર્ગમાં તાલીમ લેનાર સ્વયંસેવકો માટેના દીક્ષાંત પ્રવચનમાં પુર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીએ લોકોને દેશભક્તિ અને રાષ્ટ્રવાદના પાઠ ભણાવ્યા હતા. તેમણે કહયુ હતું કે હું રાષ્ટ્ર,રાષ્ટ્રવાદ અને દેશભક્તિ પર બોલવા આવ્યો છું.દેશ માટે સમર્પણ એ જ દેશભક્તિ છે.દેશભક્તિમાં દરેક ભારતીયનું યોગદાન છે.દુનિયાના દેશોમાં બૌધ્ધ ધર્મની પહોચ છે.ભારતમાં રાષ્ટ્રની ભાષા યુરોપથી અલગ છે.ભારતના દરવાજા પહેલેથી જ લોકો માટે ખુલ્લા છે.હિંદુસ્તાન એક સ્વતંત્ર સમાજ છે.૧૮૦૦ વર્ષ થી ભારત શિક્ષણનું કેન્દ્ર રહ્યું છે.ભારતમાં રાષ્ટ્રવાદનો મતલબ છે વસુધૈવ કુટુમ્બકમ્. ભેદભાવ અને નફરતથી આપણી ઓળખ સામે ખતરો સર્જાયો છે.રાષ્ટ્રવાદ એ સર્વસાધારણ છે તેમ તેમણે કહ્યુ હતું.ભારતમાં પ્રાચીન મહાજનો અને મોર્યગુપ્ત,મોગલો અને બ્રિટીશરોના શાસનને તેમણે યાદ કર્યા હતા.મુખરજીએ તેમના ભાષણમાં તિલક,ટાગોર,મહાત્મા ગાંધી અને નહેરુ સહિત અને વિદ્વાનોને ટાંક્યા હતા.રાષ્ટ્રવાદ અને દેશભક્તિ અંગે તેમના નિવેદનો રજુ કર્યા હતા.સંઘના સ્વયંસેવકો શિસ્તબધ્ધ છે અને તાલીમ પામેલા છે.તેઓ શાંતિ અને સોહાર્દ માટે કામ કરે તેમ પ્રણવે કહ્યુ હતું.વર્ષો સુધી કોગ્રેસના નેતા રહેલા પ્રણવ મુકરજીએ સંઘના કાર્યક્રમમાં હાજર રહેવાનું આંમત્રણ સ્વીકાર્યા બાદ કોગ્રેસના નેતાઓ અને કાર્યકરોમાં સખ્ત નારાજગી પ્રવર્તી રહી હતી.આમ વિવાદો વચ્ચે તેમણે લોકોને સહિષ્ણુતા અને શિસ્તપાલનના તેમજ રાષ્ટવાદના પાઠ ભણાવ્યા હતા.લોકોને ગરીબી નાબદુ કરવા તેમજ રોગ અને ચીજવસ્તુઓની વંચિતતાથી મુકત કરવામાં આવશે તો રાષ્ટવાદનું સર્જન થશે તેમ તેમણે કહ્યુ હતું.

પ્રણવ મુકરજીએ કહ્યુ હતું કે ધર્મ અને લોકોમાં વધતી અસહિષ્ણુતાથી ભારતને ઓળખવામાં આવશે તો ભારત નબળો પડશે.અસહિષ્ણુતા ભારતીયની ઓળખ નબળી બનાવશે. ભારતની રાષ્ટ્રીય ઓળખ અને રાષ્ટવાદ તેના સાર્વભોમત્વ અને સહઅસ્તિત્વથી સર્જાયો છે.તેને લોકોએ જાળવવાનો છે.

તમામ દેશો અને રાજ્યોનું કાર્ય લોકોને સારી અને સાચી દિશામાં ઢાળવાનું છે. અને ગરીબી સામે લડવાનું હોવું જોઈએ.આપણી વાણી અને વર્તન ભય અને હિસાથી મુક્ત રાખવા જોઈએ. ગાંધીજી કહેતા હતાકે ભારતનો રાષ્ટવાદ વિશિષ્ટ વિનાશક નથી.નહેરુએ તેમના પુસ્તક ડિસ્કવરી ઓફ ઈન્ડીયામાં કહ્યુ હતું કે ભારતમાં રાષ્ટ્રવાદ હિંદુ,મુસ્લીમ,શીખ અને અન્ય સમુદાયોની વિચારધારાઓનું સર્જન છે.ભારતના હૃદયમાં બહુમતી અને સહિષ્ણુતા રહેલા છે.વિચારોના એકીકરણ સાથે બહુમતી અને સહિષ્ણુતા આવ્યા છે.

સ્વયંસેવકોને સંબોધતા પ્રણવ મુકરજીએ કહ્યુ હતું કે ભારતીય સમાજ સ્વતંત્ર વિચારધારા ધરાવે છે.ભારતના રાષ્ટ્રવાદમાં વૈશ્વિક ભાવના સમાયેલી છે.વિવિધતા આપણી સૌથી મોટી તાકાત છે.સહિષ્ણુતા આપણી સૌની મોટી ઓળખ છે.આપણે એકતાની તાકાતને ઓળખીએ છીએ. નહેરુએ કહ્યુ હતું કે સોનો સાથ જરુરી છે.રાષ્ટવાદ કોઈ ભાષા કે ધર્મ કે જાતિથી વહેચાયેલો નથી.સંવિધાનથી રાષ્ટ્રવાદની ભાવના સર્જાય છે.૫૦ વર્ષમાં મે આજ શીખ્યુ છે.પ્રણવ મુકરજીએ સંઘના કાર્યક્રમમાં ભાગ લેવાનું નક્કી કર્યુ તેનાથી કેટલાક લોકોના વિરોધી નિવેદનો આવ્યા હતા જ્યારે સંઘના પ્રમુખ મોહન ભાગવતે આ બાબતે જણાવ્યુ હતું કે આપણું માનસ લોકશાહી ઢબનું હોવું જોઈએ. સંઘ લોકશાહી વિચારધાર ધરાવતું સંગઠન છે. સંઘનું કામ લોકોને જોડવાનું છે.તેમણે સંઘના તાલીમાર્થીઓને સંબોધતા કહ્યુ હતું કે ભારતમાં રહેનારો તમામ શખ્સ આપણો હોવાના મુદ્દે કોઈ વિવાદ નથી. દેશમાં કોઈ શત્રુ નથી.બધાની માતા ભારત માતા છે.આપણે બધા ભારત માતાના પુત્રો છીએ.વિવિધતામાં પણ આપએ બધા એક જ છીએ.

સંઘના કાર્યક્રમમાં આવવા બદલ પુર્વ રાષ્ટ્રપતિનો મોહન ભાગવતે આભાર માન્યો હતો.તેમણે કહ્યુ કે મુકરજીની સંઘની મુલાકાત લેવાથી બદલાઈ નહી જાય.સંઘ સંઘ જ રહેશે અને મુકરજી મુકરજી જ રહેશે.

## ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ અમિત શાહે શિવસેનાને મનાવવા ઉદ્દવ ઠાકરેની મુલાકાત કરી



ભારતીય જનતા પાર્ટી તરફી લોકજુવાળ ઘટી રહ્યો છે તેમજ તેમના સાથી પક્ષો એક પછી એક સાથ છોડી રહ્યા છે.ત્યારે મહારાષ્ટ્રમાં શિવસેનાને મનાવવા માટે ભાજપ પ્રમુખ અમિત શાહે ઉદ્દવ ઠાકરેની સાથે ચર્ચા યોજીને વચલો રસ્તો શોધવાનો પ્રયત્ન કર્યો હતો.પરંતુ સાથીઓના મનામણા કરવા નિકળેલા શાહનો ફેરો ફોગટ ગયો હતો.

અમિત શાહ સંપર્ક ફોર સમર્થન અભિયાન દ્વાર શુભેચ્છા મુલાકાતોની હારમાળા ઉભી કરી હતી.જેમાં સહુ પ્રથમ માતોશ્રી ખાતે ઉદ્દવ ઠાકરે,શિવસેના પ્રમુખની મુલાકાત લીધી હતી. બંધ બારણે કરાયેલી ચર્ચાઓ સફળ થઈ નથી તેવું ત્યાર બાદ આવેલા નિવેદનો પરથી લાગી રહ્યું છે. અમિત શાહ અને ઠાકરે વચ્ચેની લાંબી મુલાકાત કોઈ નિર્કર્ષ વગરુ પુરી થઈ હતી. જેમાં શિવસેનાએ એકલે હાથે ચુંટણી લડવાનું પોતાનુ રટણ ચાલુ રાખ્યુ હતું.

સાંસદ સંજય રાઉતે જણાવ્યુ હતું કે શિવસેનાની કાર્યકારી બેઠકમાં મંજુર કરવામાં આવેલા પ્રસ્તાવ મુજબ અમે આગામી ચુંટણી એકલે હાથે લડવાના છીએ તે નક્કી કરેલ છે. આ ઠરાવમાં કોઈ ફેરફારની શક્યતા નથી.જો કે અમિત શાહે ફરી મળવાની વાત કરી છે પરંતુ ક્યા એજન્ડા પર તેઓ મળશે તે હજુ જાણી શકાયું નથી.

માતોશ્રી ખાતે બેઉ નેતાઓનીચ વચ્ચે શું વાતચીત થઈ છે તે અંગે કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.પંરતુ એમ મનાય છે કે ભાજપે શિવસેનાએ યુતિ ચાલુ રાખવા માટે વિનતી કરી છે.ભાજપે મહારાષ્ટ્ર અને કેન્દ્રમાં શિવસેનાને વધુ મહત્વ આપવાની વાત પણ કરી છે.

શિવસેનાના એક જુથનું માનવું છે કે રાજયમાં શિવસેનાના ખર્ચે ભાજપનો વિસ્તાર વધી રહ્યો છે.ટુંકમાં કહીએ તો હાલ ભાજપના ચાણક્ય મનાતા અમિત શાહનો દાવ શિવસેનાએ ઉંધો વાળ્યો છે.

શિવસેના ૨૦૧૯ની લોકસભાની ચુંટણીઓ એકલે હાથે લડવાની જાહેરાત કરી છે. ૨૦૧૪ની ચુંટણી પુર્વે જ બેઉ પક્ષો વચ્ચેની દાયકાઓ જુનિ યુતિ તુટી ગઈ હતી.બાદમાં ફડનવીસની આગેવાની હેઠળ સરકાર રચવા માટે બંને પક્ષોએ સત્તા માટે એક થવામાં સાર જોયો હતો.પરંતુ તાજેતરમાં પાલઘરની લોકસભાની બેઠકની પેટાચુંટણીમાં શિવસેના અને ભાજપ વચ્ચેનો ખટરાગ ફરી સપાટી પર આવ્યો હતો જેને પગલે શાહે ઠાકરે સાથે મળી તેનો તાગ કાઢવાનો પ્રયત્ન કર્યો હતો.

## ખેડુતોના દેવા માફી સહિતના મુદ્દે કોગ્રેસનું આંદોલન શરુ

‘ખેડુતોનું દેવું માફ કરો નહી તો ભાજપની સરકારને દેશમાંથી સાફ કરો’ના સુત્ર સાથે ગુજરાત કોગ્રેસ દ્વારા ૮ થી ૧૦ જુન સુધી રાજ્યભરમાં ગ્રામ્ય કક્ષા સુધીના જુદા જુદા કાર્યક્રમો ઘરણાં,અને જેલભરો આંદોલન કરવામાં આવશે.પોષણક્ષમ ભાવો, દેવા માફી મુદ્દે કોગ્રેસ તાલુકા લેવલે ઘરણા યોજી આવેદન પત્ર આપશે.બીજા કાર્યક્રમો જેવા કે ઝાલર,ઘંટારવ વગાડવાના કાર્યક્રમો યોજાશે.ઉપવાસ આંદોલનો, રસ્તા રોકો, જેલભરો આંદોલન સાથે ગામડાઓથી ગાંધીનગર સુધી કાર્યક્રમો આપવામાં આવશે.ખેડુતોને સાથે રાખીને આ કાર્યક્રમો કરવામાં આવશે.ગુજરાતમાં ખેડુતોને ૧૮ થી ૨૪ કલાક વીજળી મળે તેની માંગ કરવામાં આવશે.તાલુકા અને જિલ્લા મથકો પર લોક વાટકો અને ચમચીથી દેખાવો કરશે

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## સંઘના કાર્યક્રમમાં હાજરી આપવા બદલ પુત્રીએ પિતાને ચેતવ્યા : તમારુ ભાષણ ભુલાઇ જશે

પ્રણવ મુકરજીની પુત્રી શર્મિષ્ઠા મુખરજીએ જ સંઘના સંમેલનમાં જવા બદલ તેમના પિતાની આકરી ટીકા કરી હતી.કોગ્રેસના નેતા શર્મિષ્ટા મુખરજીએ પોતાના પિતાને ટ્વિટર પર સંદેશ લખીને ભાજપના કાવતરાં અંગે ચેતવ્યા હતા.શર્મિષ્ઠાએ ટ્વીટર પર લખ્યુ હતું કે તમે જે ભાષણ આપશો તે ભુલાઈ જશે.પરંતુ તમે જે કાર્યક્રમમાં હાજર રહ્યા છો તેના દ્શ્યો હંમેશા લોકોના દિમાગમાં રહેશે.અને તેને ખોટા નિવેદનો સાથે વાઈરલ બનાવાશે. વિરોધ પક્ષના અન્ય નેતાઓએ પણ ભુતપુર્વ રાષ્ટ્રપતિને કાર્યક્રમાં હાજર રહેવાનો પોતાનો નિર્ણય બદલવા અનુરોધ કર્યો હતો.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

અભિયાન સંપર્ક ફોર સમર્થન.૨૦૧૯ની લોકસભાની ચુંટણીઓ આવી રહી છે ત્યારે ભાજપના સાથી પક્ષો એનડીએમાં બરકરાર રહે તે માટે પક્ષને સાથી પક્ષોની પીડા યાદ આવી રહી છે અને સુંવાળા નામો હેઠળ તેમનો સંપર્ક કરવાનો શરુ કરાયો છે.આ અભિયાન હેઠળ ૪૦૦૦ જેટલા નેતાઓ જેમાં પક્ષ પ્રમુખથી લઈને મુખ્યમંત્રીઓ,કેન્દ્રીય મંત્રીઓ,કોર્પોરેટરો, પંચાયતના સભ્યો,સમાજની મહત્વની વ્યક્તિઓને રુબરુ મળી ભાજપ સરકારની સિધ્ધિઓની વાત કરવાનું મહત્વનું કામ સોપાયું છે.હવે એનડીએના સાથી પક્ષો બરકરાર નહીં રહે તો ૨૦૧૯ની ચુંટણીમાં કપરા ચઢાણ ચઢવા પડશે.હવે મોદીનો જાદુ ચાલશે નહીં.તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

મુંબઈમાં શિવસેના સૌથી વધુ મજબુત સંગઠન ધરાવતો તેમનો સાથી પક્ષ રીસાયો અને તેમણે પોતાને ચુંટણીમાં અલગ ચોકો રચવાનો મંત્ર જપી નાંખ્યો.હવે ભાજપ પક્ષ પ્રમુખ અમિત શાહ,ઉદ્દવ ઠાકરેને મળ્યા.મુલાકાત મહત્વની ગણાય પરંતુ શિવસેના તરફથી જોઈએ તેવો પ્રતિસાદ મળ્યો નથી.તેઓ કારોબારીમાં કરેલ ઠરાવને હાલ પુરતું વળગી રહ્યા છે કે શિવસેના બધી જ ચુંટણીઓ એકલે હાથે લડી લેશે.૨૫ વર્ષથી શિવસેના તેમની સહયોગી પાર્ટી હતી.૨૦૧૪ની વિધાનસભાની ચુંટણીમાં ભાજપ અને શિવસેના અલગ થયાં અને તેમાં ભાજપે ૧૨૨ બેઠકો અને શિવસેનાએ ૬૩ બેઠકો મેળવતાં મહારાષ્ટ્રમાં ભાજપના પહેલાવાર મુખ્યમત્રી બન્યા.

શિવસેનાનો દબદબો ઓછો થયો.તે વસવસો આજે પણ છે.વધુમાં કેન્દ્રમાં શિવસેનાએ સુચવેલા સાંસદોને કેબિનેટ મંત્રી ના બનાવ્યા. આ બધી પ્રક્રિયાથી નારાજ શિવસેના વિપક્ષી જેવું વર્તન રાખ્યું.હવે તેને મનાવવાની કસરત ચાલી રહી છે.

સંપર્ક અભિયાન હેઠળ સિને અભિનેતાઓ,નામાંકિત વ્યક્તિઓનો સંપર્ક જારી કરવામાં આવ્યો છે.જો કે હજુ સુધી જુમલા સામે કેવી રીતે વર્તવું કે બોલવું તે નક્કી નથી. લોકો હજુ પણ રુ.૧૫લાખ તમારા ખાતામાં જમા કરાશે તે વચનો ભુલ્યા નથી.પછી તમે જાહેરાતોથી કે વિકાસની ઝાંખી દર્શાવતી ચોપડીઓ છાપી લોકોને ભુલાવવા પ્રયત્ન કરશો તો તેમાં કેટલો ફર્ક પડશે તે તો સમય દર્શાવશે.પ્રચાર,અને પ્રસારણ પર અધિક વિશ્વાસ ધરાવતી કેટલીક ટેકનીકો કેટલે અંશે કારાગત નિવડે છે તે સમય પર આધારિત છે.

## મંતવ્ય

દેશના પુર્વ રાષ્ટ્રપતિ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની તાલીમાર્થીઓની શિબિરમાં સંબોધન કરવા ગયા તે બાબતે કોગ્રેસના અનેક નેતાઓએ વિરોધ કર્યો. પરંતુ પ્રણવ મુકરજીએ સંઘના મુખ્યાલયમાં જઈને દીક્ષાંત પ્રવચનમાં દેશભક્તિ અને રાષ્ટ્રવાદના જે પાઠ ભણાવ્યા તે અદ્‌ભુત ગણી શકાય.તેમણે ભારતમાં રાષ્ટ્રવાદનો મતલબ સમજાવ્યો.છેલ્લા કેટલાક સમયથી એટલેકે ભાજપ સત્તા પર આવ્યો ત્યારથી રાષ્ટ્રવાદનો અનર્થ કરીને રાષ્ટ્રદ્રોહમાં પરિવર્તિત કરવાની જે કામગીરી કરવામાં આવી અને અનેકોને રાષ્ટ્રદ્રોહી ચીતરી દેવામાં આવ્યા.શિસ્ત અને સંયમ.ભેદભાવ અને નફરત કોને કહેવાય તેના માર્મિક અર્થો સ્પષ્ટ કર્યા.જે અન્ય કોઈ કરી શક્યુ નહોત.પ્રણવ મુકરજી એક વિદ્વાન વ્યક્તિ છે તે તેમણે સાબિત કરી બતાવ્યું.

અશોક કે. પરમાર


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭





## કેરાલામાં ત્રણ ખ્રિસ્તી પ્રાર્થના ઘરો,કબ્રસ્તાન પર હુમલાઓ બાદ ખ્રિસ્તી સમાજે વિરોધ નોધાવ્યો

કેરાલામાં ત્રણ ખ્રિસ્તી પ્રાર્થના ઘરો પર છેલ્લા બે અઠવાડિયામાં થયેલા હુમલાઓ અંગે સાજન કે જ્યોર્જ,પ્રેસિડેન્ટ, ગ્લોબલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયન ક્રિશ્ચિયને વિરોધ નોધાવ્યો હતો. અને આવા હુમલાઓ કરનાર સામે સખ્ત કાર્યવાહી કરવા માટે સરકારને અપીલ કરી હતી.તાજેતરમાં થયેલા ખ્રિસ્તી કબ્રસ્તાન કે જે ઉક્કીનડકા,કસારાગોડ ખાતે આવેલું છે.ત્યાં કેટલાક અજાણ્યા હુમલાખોરો પહોચી ગયા હતા અને ત્યાં આવેલા ક્રોસ જે કબરો પર લાગેલા હતા તેને તોડી પાડ્યા હતા.સાત જેટલી કબરોને પણ નુકશાન પહોચાડ્યું હતું.

બીજી એક ઘટનામાં જેને લાગોસ પાસ્ટરોલ સેન્ટર, કે જે નયાટટીનકારા માં આવેલું છે તેમાં તોડફોડ કરવામાં આવી હતી.બારીઓ અને દરવાજાઓ તોડી નાંખવામાં આવ્યા હતા.આ પથ્થરમારો કરવામાં આવ્યો ત્યારે ત્યાં ધોરણ ૧૨ના ક્લાસના વિદ્યાર્થીઓને કે જેની સંખ્યા ૧૫૦ની હતી તેને એક પાદરી અને બે નન્સ શિક્ષણ આપી રહ્યા હતા.

આ પહેલા ૧ એપ્રિલના દિવસે પણ હુમલો કરવામાં આવ્યો હતો.ફાધર એમ.કે.વર્ગીસ, જે સેંટ જ્યોર્જીયસ ઓફ પુન્નામુડુ ચર્ચ કે જે અલપાઉઝા ડીસ્ટીકમાં આવેલું છે ત્યાં તેમને ચર્ચમાં મધ્યરાત્રિએ જતાં રોકવામાં આવ્યા હતા અને તેમનું અપમાન કરવામાં આવ્યુ હતું.ચર્ચ ખાતેના અન્ય અધિકારીઓએ તેમને બચાવ્યા હતા.પોલીસે આ બાબતે ત્રણ લોકોની ધરપકડ કરી હતી. ધરપકડ કરાયેલા લોકોનું કહેવું હતું કે વિકાર તેમની પાસેથી કબ્રસ્તાન માટેની જમીન ખરીદવા માંગતા હતા.

કેરાલમાં કેટલાક કટ્ટરવાદીઓ ખ્રિસ્તીઓને હવે પોતાના નિશાન બનાવી રહ્યા છે. કારણકે રાજકીય રીતે તેઓ ડાબેરી સામ્યવાદીઓ સામે પોતાની પહોચ મજબુત કરી શક્યા નથી. તેથી હિદુત્વને નામે તેઓ ખ્રિસ્તીઓ સામે લડાઈ તેજ કરીને અન્ય હિન્દુઓનો સાથ મેળવવા માટે પ્રયત્નશીલ છે. ખ્રિસ્તી સમાજે આવા તત્વોને જેર કરવા માટે સરકારને અપીલ કરી છે.

આ પ્રકારની રીત ભારતીય લોકશાહી માટે શરમજનક છે.આવા કરાઈ રહેલા હુમલાઓ ખ્રિસ્તી વિશ્વાસ સામેના નથી પરંતુ ખ્રિસ્તીઓ વિરુધ્ધ ઉભી કરાઈ રહેલી એક પ્રકારની રાજરમત છે.જે ભારતની લોકશાહી માટે ખતરા સમાન છે.બિનસાંપ્રદાયિક દેશ માટે આવી બાબતો દેશનું સાંસ્કૃતિક અને સામાજીક સ્ટેટસને ગંભીર રીતે નુકશાન પહોચાડી રહ્યું છે.કેટલાક હિદુત્વ કટ્ટરવાદીઓ માટે લઘુમતિ ખ્રિસ્તીઓ અને તેમની સંસ્થાઓ ખુબજ સરળ ટાર્ગેટ આ દેશમાં બની રહ્યા છે જે આઘાતજનક છે.

## દેશમાં સંકટ હોવાથી શુક્રવારનું વ્રત કરો : આર્કબિશપનો પત્ર

દેશમાં અશાંત રાજકીય સ્થિતિ,ધર્મનિરપેક્ષતા સામે સંકટ અને ૨૦૧૯ની સામાન્ય ચુંટણી માટે દિલ્હીના આર્ક બિશપે પત્ર લખીને ખ્રિસ્તી સમુદાયને દર શુક્રવારે વ્રત કરવાની અપીલ કરી છે. જો કે આ અપીલ અંગે ભાજપ તરફથી ભારે નારાજગી વ્યક્ત કરવામાં આવી છે.આ પત્રના સંદર્ભમાં ગૃહમંત્રી રાજનાથસિંહે કહ્યુ હતું કે તેમને આવા કોઈ પત્રની જાણ નથી. પરંતુ દેશમાં ધર્મના નામે કોઈ ભેદભાવ થતો નથી.તમામ લઘુમતી સમુદાયો સુરક્ષિત છે.

દિલ્હીના આર્ક બિશપ અનિલ જોસેફ કાઉટોએ દિલ્હીના તમામ ચર્ચ અને પાદરીઓને પત્ર લખીને કહ્યુ છે. આપણે એક અજીબ રાજકીય માહોલમાં રહીએ છીએ જેના કારણે આપણાં બંધારણના લોકતાંત્રિક મુલ્યો અને દેશની ધર્મનિરપેક્ષ છબી પર સંકટ જોવા મળ્યું છે.તેમણે તમામ ખ્રિસ્તીઓને આગ્રહ કર્યો છે કે તેઓ દેશમાં એક વર્ષની અંદર થનારી ચુંટણીને ધ્યાનમાં લઈને રાજનેતાઓ માટે વ્રત રાખે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨


વિશ્વમાં જાઈન નદી એકમાત્ર નદી છે જ્યાં માછલીઓ જોવા મળતી નથી.
દક્ષિણ અમેરીકામાં મળી આવતું બિર્ટન પક્ષી વાઘની માફક અવાજ કાઢે છે.
સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઈન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઈ ધરાવે છે.


**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# કેન્દ્ર સરકારના પ્રસ્તાવથી ઓબીસી,એસી-એસટી કેટેગરીને ભારે નુકશાન થવાની ભીતી : યુપીએસસી ટોપર્સ આઇએએસ બનવાથી વંચિત રહી જશે !

દેશમાં યુનિયન પબ્લીક સર્વીસ કમિશન દ્વારા લેવાતી આઈએફએસ,આઈએએસ,આઈપીએસ સહિતની વિવિધ કેડર માટેની પરીક્ષાનું ખુબ મહત્વ છે.આ પરીક્ષાના માળખામાં કેન્દ્ર સરકાર દ્વારા સમયાંતરે જરુરી સુધારા વધારા કરાયા છે. જો કે સીવીલ સર્વીસ પરીક્ષામાં સફળ વિદ્યાર્થીઓને કેડર અને સર્વીસ ફાળવવામાં મોટાપાયે બદલાવ લાવવાનો પ્રસ્તાવ કેન્દ્ર સરકારે તૈયાર કર્યો છે. જેના કારણે વિવાદ પેદાથયો છે. અને વિપક્ષે આક્ષેપો કર્યા છે કે કેન્દ્ર સરકાર દ્વારા યુપીએસસી પરીક્ષામાં જે સુચિત બદલાવની સંભાવના જોવાઈ રહી છે એમાં મુખ્ય અને વિવાદાસ્પદ બાબત એ છે કે પરીક્ષામાં ટોપરને આઈએએસ કેડર ન મળી શકે અને નીચેની રેન્ક ધરાવનાર જો ટ્રેનિગમાં સારુ પ્રદર્શન કરે તો તેને આઈએએસમાં જવાની તક મળી શકે છે. વડાપ્રધાન કાર્યાલયના નિર્દેશને ધ્યાને રાખી ડીપાર્ટ. ઓફ પર્સનલ એન્ડ ટ્રેનિંગ દ્વારા પ્રસ્તાવિત સિસ્ટમ લાગુ કરવામાં માટે તમામ પક્ષોના સુચન માંગવામાં આવ્યા છે.પ્રસ્તાવ અનુસાર સફળ વિદ્યાર્થીને ફાઉન્ડેશન કોર્સમાં જે માર્ક મળે એને આધારે રાજ્ય અને સર્વિસની કેડર નક્કી કરાશે.હાલમાં સિવિલ સર્વીસ પરીક્ષાના ફાઈનલ પરિણામને આધારે કેડર અને સર્વીસ નક્કી કરવામાં આવે છે.કેન્દ્ર સરકારના સુચિત બદલાવને બ્યુરોક્રેસીની પારદર્શિતા પર ઘા કરનારુ પગલં છે. તેમ દેશના તમામ વિરોધ પક્ષોનું કહેવું છે. સરકારનું આ કદમ સીવિલ સર્વિસની મેરિટ પધ્ધતિને બરબાદ કરી નાંખશે.કોગ્રેસના વરિષ્ઠ નેતા અહેમદ પટેલે કહ્યુ કે કેન્દ્ર સરકારના આ પ્રસ્તાવિત કદમને સ્વીકારી શકાય નહીં. કેમકે એનાથી ઓબીસી,એસસી,એસટી કેટેગરીના વિદ્યાર્થીઓને પહેલાંની જેમ મોકો મળી સકશે નહી.

# પક્ષના વરિષ્ઠ અને જ્ઞાની નેતાઓની સલાહ લેવા મોદીને શત્રુઘ્નસિંહાનો અનુરોધ

ભારતીય જનતા પાર્ટીના સાંસદ અને પક્ષની નીતીઓને સતત પડકારતાં રહેતા ફિલ્મી અભિનેતા શત્રુઘ્ન સિંહાએ ફરી પક્ષને નિશાન બનાવતાં કહ્યુ હતું કે પક્ષના વરિષ્ઠ નેતાઓ અને જ્ઞાનીઓની સલાહ વડાપ્રધાન મોદીએ લેવી જોઈએ.તેમણે કહ્યુ હતું કે પક્ષના જુના અને જ્ઞાની નેતાઓ એલ.કે.અડવાણી, યશવંત સિહા,અરુણ શૌરી, કિર્તિ આઝાદ નો સહયોગ લેવાનો સમય આવી ગયો છે.સવારનો ભુલેલો સાંજે પાછો આવે તો તેને ભુલેલો ગણાતો નથી.ઈતિહાસ એવા ઉદાહરણોથી છલકાય છે કે કોઈ હંમેશા અજય રહી શકતા નથી.તેમણે આરોપ પણ લગાવ્યા હતા કે પક્ષના જ કેટલાક લોકો વડાપ્રધાન મોદી સામે અસલી સચ્ચાઈ આવવા દેતા નથી.

## જાણવા જેવું !

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.
વાયોલીન લાકડાના ૭૦ ટુકડાને જોડીને બનાવવામાં આવે છે.
દુનિયાની સૌથી મોટી બેંક, બેંક ઓફ અમેરીકા છે.

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬



# છત્તીસગઢમાં એન્ટી કર્વન્ઝન બીલનેકાયદાનું સ્વરુપ અપાયું

ઉત્તરાખંડ દેશનું સાતમુ રાજ્ય બન્યું જેમાં ધર્માતર કાયદો પસાર કરવામાં આવ્યો.હવેથી ઉત્તરાખંડમાં ધર્માતર કાયદા હેઠળ ધર્માંતર કરાવનારને જેલની સજા કરવામાં આવશે.ખ્રિસ્તીઓ વિરુધ્ધ કાયમી રીતે આ કાયદાનો દુરપયોગ થતો રહ્યો છે અને ખ્રિસ્તીઓ ધર્માંતર કરાવે છે તેવી એક આરોપ તેમના પર હંમેશા કટ્ટરવાદી હિંદુઓ દ્વારા સતત લગાવાતો રહ્યો છે.ગર્વનર ક્રિશ્નાકાંત પોલએ એપ્રિલ ૧૮ના દિવસે ફ્રીડમ ઓફ રીલીજીયન બીલ ઉપર હસ્તાક્ષર કર્યા હતા.જેને સ્ટેટ એસેમ્બલીએ એક મહીના પહેલા પસાર કર્યુ હતું. અને હવે તે ગર્વનરની ઓફીસમાં આગળની વિધી માટે મુકાયુ હતું.

ગર્વનરની આ બીલ પર સહી કરવામાં આવી છે તેવું રવિ બીજારનીયા,આસી.ડાયરેકટર,ઈન્ફોર્મેશન,ગર્વનર ઓફીસ દ્વારા જાણવામાં આવ્યુ હતું.આ બિલનો ઉદેશ્ય જબરજસ્તીથી કરાતું ધર્માંતરણ રોકવાનો છે.પરંતુ ખરેખર વાસ્તવિક રીતે આ બીલનો હેતું દરેક પ્રકારના ધર્માંતરણ રોકવાનો છે.કોઈ વ્યક્તિ પોતાની ઈચ્છા મુજબ પણ ધર્મ પરિવર્તન કરી શકે નહી.અને ખાસ કરીને લઘુમતિઓમાં ખ્રિસ્તી લઘુમતીમાં ધર્માંતરણ રોકવાનો ખાસ વિચાર આમાં સમાવેશ થાય છે.ઉત્તરાખંડ હવે ઓરીસ્સા,મધ્યપ્રદેશ,છત્તીસગઢ,ગુજરાત,હીમાચલ પ્રદેશ અને ઝારખંડ જેમણે ધર્માંતરણ બિલ અમલમાં મુક્યું છે.

ડો. જોન દયાલ,પ્રવક્તા, યુનાઈટેડ ક્રિશ્ચિયન ફોરમ અને ઓલ ઈન્ડીયા કેથોલીક યુનીયને, મોર્નિંગ સ્ટાર ન્યુઝને આપેલી એક મુલાકાતમાં જણાવ્યુ હતું કે આવા પ્રકારના કાયદાની શી જરુરીયાત છે કે જેને ઉપયોગ સરકાર કરવા માંગે છે તે વિશ્વભરના લોકોની સમજમાં આવતું નથી.માત્ર કટ્ટરવાદી વિચારધારાને પ્રોત્સાહન આપવું અને મત અંકે કરવા માટે તેનો ઉપયોગ કરવો તેનાથી વિશેષ કાંઈ નથી.

કોઈપણ પ્રકારની લાલચ કે જબરજસ્તીથી ધર્મ પરિવર્તન થતું હોય તેવા રાજ્યમાં ખ્રિસ્તી કે મુસ્લીમ કે શીખ લોકોની વસ્તી વધી ગઈ હોય તેવું વસતી ગણતરીઓના આંકડામાં દેખાતું નથી.રાજકીય આંકડાઓની રમતમાં પણ આવું કાંઈ દેખાતું નથી.આવી સચ્ચાઈ હોવા છતાં એવી ખોટી સ્પષ્ટતા કરવામાં આવી રહી છેકે ધર્માંતરણ થાય છે. અને લઘુમતિઓમા એક પ્રકારનો ભય ઉભો કરવા માટેની આ બાબત હોવાનું સ્પષ્ટ થાય છે.કોઈપણ સત્ય નહી હોવાની આડમાં,માત્ર એક જ ખુલાસો છે કે લઘુમતી કોમના લોકોમાં ભયનું વાતાવરણ સર્જવું અને ધાર્મિક સ્વાતંત્રતા કે જેમાં દલિત અને પછાત વર્ગના લોકો માને છે તેમના અધિકારો છીનવી લેવાનું ઉપલા વર્ગનું કાવતરુ છે જેમાં રાજકીય પાવર ભળેલો છે તેવું તેમણે કહ્યુ હતું.

# મોદીની વિરુધ્ધ બોલ્યા એટલે બોલિવુડની ફિલ્મો મળવાનું બંધ થયું : પ્રકાશ રાજ

હિન્દી અને દક્ષિણની ફિલ્મોના પ્રખ્યાત ચરિત્ર અભિનેતા પ્રકાશ રાજે આક્ષેપ કર્યો હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુધ્ધ બોલવાથી બોલિવુડમાંથી તેમને મળતી ફિલ્મો બંધ થઈ ગઈ છે.પ્રકાશ રાજ છેલ્લા અનેક મહિનાથી નરેન્દ્ર મોદી સરકાર અને ભાજપના રાજકારણનો આકરો વિરોધ કરી રહ્યા છે. પ્રકાશે કહ્યુ હતું કે ગત વર્ષે ઓકટો.માં પ્રથમ વખત હું પીએમ મોદીની વિરુધ્ધ બોલ્યો હતો અને ત્યારથી જ બોલીવુડે મને હાંસિયામાં ધકેલી દીધો છે. સાઉથમાં મારાથી કોઈ સમસ્યા નથી. પરંતુ બોલિવુડમાંથી ઓફર બંધ થઈ ગઈ છે.

જો કે રાજની તેની કોઈ ચિંતા નથી.કેમકે તેમની પાસે પૈસાની કોઈ કમી નથી.મોદી પર પ્રકાશનું નિવેદન તે વખતે ચર્ચામાં આવ્યું હતું જ્યારે તેમણે લેખક ગૌરી લંકેશની હત્યા બાદ વડાપ્રધાનની ચુપકીદી પર સવાલો ઉઠાવ્યા હતા.ગત વર્ષે સપ્ટે.માં ગૌરી લંકેશને બેગાલુરમાં તેમના ઘરની બહાર જ કેટલાક અજાણ્યા હુમલાખોરોએ ગોળી મારી દીધી હતી.માર્ચમાં ખાસ તપાસ ટીમે આ કેસમાં એક માણસની ધરપકડ કરી હતી. લંકેશ અને પ્રકાશ સારા મિત્રો હતા.પ્રકાશ રાજે કહ્યુ હતું કે પીએમ મોદીએ પોતાની વાતોથી દેશને આશાનું કિરણ બતાવ્યુ હતું.પરંતુ અત્યાર સુધી કાંઈ જ થયું નથી. ભાજપના નેતા જુની વાતો કરે છે. નહેરુએ શું કર્યું ? ટીપુ સુલ્તાને શું કર્યુ ? તેવા સવાલો કરીને મુળ મુદ્દાથી લોકોનું ધ્યાન બીજે વળાઈ રહ્યુ છે.તેમણે કહ્યુ હતું કે રાજે અગાઉ એવું નિવેદન કર્યુ હતું કે વડાપ્રધાન મોદી તેમનાથી પણ ઉત્તમ એકટર છે.હાલમાં રાજ કર્ણાટકમાં ભાજપ વિરોધી પ્રચારમાં જોડાયેલા છે.જેઓ મોદીનો વિરોધ કરે છે કે તેમની વિરુધ્ધમાં બોલે છે તેમની સામે અસહિષ્ણુતાનું હથિયાર ઉગામવામાં આવે છે તે સહુ કોઈ સમજી શકે છે.

ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ
એ.એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# જે સર્વશ્રેષ્ઠ હોય એની જ પસંદગી થવી જોઇએ

જગતની દરેક વ્યક્તિને બીજા કરતાં શ્રેષ્ઠ બનવું છે. દરેક વ્યક્તિને શ્રેષ્ઠ વસ્તુની જ અપેક્ષા રહેતી હોય છે.આપણે ગુલાબના બગીચામાંથી પણ શ્રેષ્ઠ ફુલ શોધીને જ ચુંટીએ છીએ. આપણી જીવન જરુરીયાતની પણ વસ્તુઓ જે સારામાં સારી હોય તે પસંદ કરતાં હોઈએ છીએ. એનો અર્થ એ થાય છે કે, દરેકને જે શ્રેષ્ઠ છે એ જ ગમે છે.ધારો કે બધુ જ શ્રેષ્ઠ હોય તો એમાંથી જે સર્વશ્રેષ્ઠ હોય, એ મેળવવાનો પ્રયત્ન કરતાં હોઈએ છીએ. કોઈને ખરાબ થવું કે, ખરાબ વસ્તુ ક્યારેય ગમતી નથી.એમાંથી જ એક બીજો પ્રશ્ન પણ ઊભો થાય છે. જે શ્રેષ્ઠ છે, એ તો શ્રેષ્ઠ જ રહે છે. સોનું તો સોનું જ રહેશે, એ પિત્તળ બનેશે નહીં.સિંહ તો સિંહ જ રહેવાનો,એ કુતરો થઈ જશે નહી.આખરે, આપણે પણ સર્વશ્રેષ્ઠ આરાધના કરનારા લોકો છીએ.એવું જ થવું કરવું જોઈએ.જે સર્વશ્રેષ્ઠ હોય એની જ પસંદગી થવી જોઈએ. આપણે જાણીએ છીએ કે માણસ એક પ્રાણી છે,પણ એ બધા પ્રાણીઓમાં સર્વશ્રેષ્ઠ ગણાય છે.એનું કારણ એ જ છે કે માણસ બુધ્ધિજીવી પ્રાણી છે.શ્રેષ્ઠ હોવાની પરંપરા સતત ચાલતી જ રહે છે. બુધ્ધિશાળીઓમાં મનુષ્ય શ્રેષ્ઠ છે. એ બધામાં સર્વશ્રેષ્ઠ તો બ્રહ્મજ્ઞાની છે એવું પણ કહેવાયું છે.

સર્વશ્રેષ્ઠ - સર્વી -વિ(સં) બધું, સઘળું, સર્વશ્રેષ્ઠ -સર્વીમાં શ્રેષ્ઠ એવો અર્થ થાય છે. વિશ્વમાં સર્વશ્રેષ્ઠ ધન ક્યુ ? તો નીતિશતમાં આવે છે કે' વિદ્યાધન' એ સર્વશ્રેષ્ઠ ધન છે,અન્ય ધન તો આવે ને જાય, પણ વિદ્યાધનમાં ક્યારેય ઘટ આવતી નથી, એ વાપરો એ પ્રમાણે વધતું જ રહે છે.જે સમાજ સર્વશ્રેષ્ઠ વિદ્વાનોનો આદર સત્કાર કરતો નથી, એ નગુણો ગણાય છે. સત્તા કે પદ તો આજે છે,કાલે નહી હોય, પણ જે સર્વશ્રેષ્ઠ છે, એ માણસની વિદ્વતા છે. વિદ્વાનોનું કામ માર્ગ ચીંધવાનું છે. જે જ્ઞાની છે એ શ્રેષ્ઠ છે.જ્ઞાનીઓમાં પણ જે આચરણ કરનાર, તે સર્વશ્રેષ્ઠ છે.માણસની શ્રેષ્ઠ વૃત્તિ જ એને સર્વશ્રેષ્ઠ બનાવતી હોય છે.આપણી દાનત જ ખારા ટોપરા જેવી હોય તો સર્વશ્રેષ્ઠતા ક્યાંથી પ્રાપ્ત થવાની છે ?જે માત્ર ઉપદેશ આપે છે અને આચરણ કરતો નથી એનો સમાજ સ્વીકાર કરતો નથી.એ એની જાતને ભલે સર્વશ્રેષ્ઠ માનતો હોય, પણ એનો અસ્વીકાર જ થતો હોય છે.જે માણસ ઉપદેશ આપતો નથી, પણ પોતાના કાર્યમાં જ રચ્યોપચ્યો રહે છે. જે સાચા અર્થમાં જે માને છે એનું આચરણ કરે છે એ જ સર્વશ્રેષ્ઠ ગણાય છે.

ગુરુ એ આપણા માટે સર્વશ્રેષ્ઠ છે.એની બરાબરી કરી શકે એવું કોઈ જ નથી.જેની ઉંચાઈની તોલે કોઈ આવી શકે નહી.એ બધામાં સર્વશ્રેષ્ઠ કહેવાય.આપણે ત્યાં પણ જે ઉત્તમોત્તમ હોય એની જ પુજા થતી હોય છે.પણ જ્યારે શ્રેષ્ઠતાનું અપમાન થતુ હોય ત્યારે આપણે ને ભારોભાર દુ:ખ થતુ હોય છે.શ્રેષ્ઠ વ્યક્તિની નીચ વ્યક્તિઓના ત્યાં કાર્યની નિયુક્તિ, સારા સારા અનુરાગના કાર્યોમાં આસક્તિ,દુર્જનો સાથેનો સહવાસ એ બધાનું ખુબજ દુ:ખ થાય છે.જ્યાં શ્રેષ્ઠતાનું અપમાન થતું હોય, જ્યાં તે ધુળમાં રગદોળાતી હોય ત્યાં માણસને એનું દુ:ખ થાય એ સહજ છે. સાચો માણસ તો એ છે કે જે બીજા માટે મરી ફીટે છે. બીજાના ભલા માટે જે પોતાના પ્રાણની આહુતિ આપે છે. એના પાળીયા પુજાય છે.બીજાનું પડાવી લેવાની દાનતવાળા ક્યારે શ્રેષ્ઠ કે સર્વશ્રેષ્ઠ બની શકતા નથી.સર્વશ્રેષ્ઠ વૃત્તિ જ માનવને માનવ બનાવે છે. કવિ સુંદરમે તો કહ્યું છે :' હું માનવી માનવ થાઈ તો ઘણું ' ભાઈ, તમારે જે બનવું હોય તે બનજો, પણ પ્રથમ માનવ તો બનો. તમો માનવ બનો એ જ તમારી સર્વશ્રેષ્ઠતા છે.

આપણને શ્રેષ્ઠ-અશ્રેષ્ઠના ભેદની પણ સમજ હોવી જોઈએ. ક્યારેક એવું બને કે , જે મારા માટે શ્રેષ્ઠ હોય એ બીજા માટે ન પણ હોય. હું જે જગતમાં સર્વશ્રેષ્ઠ માનતો હોઉ, એ બીજા માટે શક્ય ન બનતું હોય, પણ જે સૌને સ્વીકાર્ય હોય એ શ્રેષ્ઠતાની અહીં આપણે વાત કરીએ છીએ.શાંતિથી મોટો કોઈ ભાઈ નથી.સત્યથી આગળ કોઈ તપ નથી.મોક્ષથી વધીને કોઈ લોભ નથી.આ બધાંજ પોતપોતાના ક્ષેત્રમાં સર્વશ્રેષ્ઠ છે.એની તુલનામાં બીજું કશું જ આવી શકતું નથી.માણસને મનની શાંતિ હોય, જીવને કોઈ ઉચાટ ન હોય, એનાથી સર્વોત્તમ બીજું શું હોઈ શકે ?સત્યથી અધિક તપ ક્યું હોઈ શકે?અનેક પ્રકારના લોભ-લાલચો હોય છે એમાં મોક્ષના લોભની તોલે શું આવી શકે ?મુર્ખ માણસો પથ્થરના ટુકડારુપી હીરાને રત્નસંજ્ઞાથી ઓળખે છે. પથ્થરનો ટુકડો એ શ્રેષ્ઠ નથી. એ ખાઈ કે પી શકતો નથી.પણ ઉત્તમ વિચારો,ઉત્તમ જળ, અને ઉત્તમ અન્નથી જ માણસ જીવી શકે છે. જે જીવન આપીને ટકાવે છે એનાથી સર્વશ્રેષ્ઠ બીજુ શું હોઈ શકે ?નદીનું પાણી વહેતું હોય તો શ્રેષ્ઠ છે.એ જ રીતે આપણા જીવનનું પણ છે. સૌમાં શ્રેષ્ઠ શું હોઈ શકે ?સંસ્કૃતમાં કોઈએ કહ્યું છે કે ઉપકાર કરવો સૌથી મોટો ધર્મ છે.કર્મદક્ષતા સૌથી મોટો અર્થ છે.સુપાત્રને દાન કરવું એ સૌથી મોટી તૃપ્તિ છે. અને વૈરાગ્ય સૌથી મોટી મુક્તિ છે.આ બધીજ બાબતો સર્વશ્રેષ્ઠ છે.આપણા પર જે અપકાર કરે, એના પ્રત્યે પણ ઉપકારની ભાવના રાખવી એ સર્વશ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ગણાય છે. એ જ માણસ તરીકે આપણો સાચો ધર્મ છે.

માણસ કે સંસ્થાને ઓળખીને, સુપાત્ર છે કે કુપાત્ર છે,એનો ભેદ પારખીને દાન કરવામાં આવે તો એ યોગ્ય રીતે વપરાય છે.આ શ્રેષ્ઠતા જ માણસને ઉચ્ચ આસને બેસાડતી હોય છે.શ્રેષ્ઠ હોવું અને શ્રેષ્ઠ હોવાનો દંભ કરવો એ બે બાબતો અલગ છે.કોઈના માટે કંઈ કરીએ એમાં ભારોભાર નમ્રતા હોવી જોઈએ. જે માણસનો ડાબો હાથ દાન કરે, અને જમણાને ખબર ના પડે, એ સર્વશ્રેષ્ઠ કહેવાય.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઑડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**





**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332





રિશ્તાના સ્થાપક ફાધર વિલિયમ હવે આપણી વચ્ચે નથી.તેમના અવસાનથી ખ્રિસ્તી સમાજના યુવા યુવતીઓના ઘડતર માટે તેમણે ધખાવેલી ધુણી નબળી પડી ગઈ છે.રિશ્તા સંસ્થા દ્વારા અનેકો યુવા યુવતીઓને પત્રકારત્વ શું છે અને તેનો સામાજીક શું લાભ છે તે માટે તેમણે અનેકો શિબરો ગુજરાતભરમાં યોજીને શિક્ષણ આપ્યુંહતું.સદભાગ્યે નવક્રાંતિ અને ગરવી નવક્રાંતિ સાપ્તાહિકોને તેમના આ યજ્ઞમાં ભાગીદાર બનાવ્યા હતા.ચર્ચાપત્રો, લેખો,કવિતાઓ,નાટ્કો વિગેરે યુવકો અને યુવતીઓને લખતાં શીખાડી તેને અમારા સાપ્તાહિકોમાં છાપવા માટે લાભ આપ્યો હતો.જેનાથી અનેકોને યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન મળ્યા હતા.ગુજરાતના અનેક સાહિત્યિક વિદ્રાનોનો લાભ પણ ફાધર વિલિયમ દ્વારા રિશ્તાની શિબીરાર્થીઓને મળ્યો હતો.ફાધર વિલિયમ આપણી વચ્ચે હવે નથી તેનો રંજ છે.પરંતુ તેમની પ્રગટાવેલી ક્રાંતિને સદાય પ્રજ્જવલિત રાખવા આપણે સહુ પ્રયત્ન કરીશું.

નવક્રાંતિ સાપ્તાહિક ફાધર વિલિયમના અવસાનને કારણે પડેલી ખોટથી દુ:ખિત હૃદયે તેમને શાંકાંજલિ અર્પ છે.

---

જે મહીનાની પહેલી તારીખે રવીવાર હોયતે મહીનાઓમાં ૧૩ મી તારીખે શુક્રવાર જ આવતો હોય છે.

વીડીયો ટેપ અને વીડીયોરેકોર્ડરની શોધ ૧૯૫૬મા થઈ હતી.



## વિનંતી

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


**સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત**

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

**ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.